Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-3,December-2017

# બનાસકાંઠાના પૂર્વ પટ્ટાના આદિવાસીઓની મરણવિધિ

**માળી દશરથભાઈ હિરાજી**
મુખ્ય શિક્ષક
તાડકાછલા પ્રાથમિક શાળા
તા. કવાટ, જી. છોટાઉદેપુર

આ ધરતી પર જે મનુષ્ય કુદરતી રીતે જન્મે છે તેનો અંત પણ નિશ્ચિત જ છે. કુદરતી શબ્દ મે એટલા માટે પ્રયોગ કર્યો છે કે હાલમાં ચર્ચાતી સોફિયા નામની રોબોર્ટ ખુબ જ ચર્ચામાં છે અને વળી સાઉદી અરેબિયાએ તેને કાયદેસરની નાગરીકતા પણ આપી છે. નાગરીક તે જ બની શકે જે મનુષ્ય હોય. એનો મતલબ એ કે સોફિયાની ગણતરી મનુષ્ય તરીકે કરી ? હવે તેની ઉત્પત્તિ (જન્મ) તો થઈ પરંતુ તેનો અંત નિશ્ચિત નથી. કુદરતી રીતે જન્મેલ દરેક જીવ-જંતુ, પ્રાણી કે મનુષ્યનો અંત નિશ્ચિત જ છે. કોઈનું વહેલું મૃત્યુ થાય, તો કોઈનું મોડું થાય છે. મુસ્લિમ ધર્મમાં મરનાર વ્યક્તિને જમીનમાં દાટવાની પ્રથા છે, તો હિંદુઓમાં સમાધિ અને અગ્નિસંસ્કાર જેવી વિધિઓ પ્રચલિત છે.

બનાસકાંઠા જિલ્લાના પૂર્વ પટ્ટામાં વસતા આદિવાસીઓની મરણવિધિના રીત-રિવાજોમાં ઘણી વિવિધતા જોવા મળે છે. તેમાં ખાસ કરી દાંતા, પાલનપુર, અમીરગઢ તાલુકાઓમાં આદિવાસીઓની વસતી વધુ છે અને તેમાં પણ ગરાસીયા ભીલોની વસ્તી વધારે છે. આ આદિવાસી ભીલોમાં કોઈનું મૃત્યુ થાય તો પ્રથમ તો મરનારને જમીન પર સુવડાવવામાં આવે છે. મરનાર સ્ત્રી હોય તે તેને સાડલો ઓઢાડવામાં આવે છે અને પુરુષ હોય તો સફેદ ધોતીયું ઓઢાડવામાં આવે છે. સ્ત્રીના મૃત્યુ સમયે પીયરપક્ષની હાજરી હોવી જરૂરી છે. શબને જમીન પર સુવડાવ્યા પછી “વારી ઢોલ” વગાડવામાં આવે છે.[1] વારી ઢોલમાં પહેલાં પાંચ “ગેડી”ઓ મારવામાં આવે છે.[2] તે સાંભળીને ગામ લોકો તથા સ્વજનો મરનારના ઘરે ભેગા થાય છે. સૌ સ્ત્રી,પુરુષો, બાળકો વગેરે મોટા અવાજે રડે છે. સ્ત્રીઓ છાતી કુટીને માથુ પછાડે છે. ગામના અમુક માણસો વાંસ ફાડીને

નનામી બનાવે છે. આ નનામીને તેમની ભાષામાં ટાઠડી કહે છે. તેના પર મરનાર વ્યક્તિને સુવડાવવામાં આવે છે. મરનારના કપડાં તેના માથા બાજું મુકવામાં આવે છે. શસ્ત્રોમાં છરીને કમરની બાજુમાં મુકવામાં આવે છે. જો મરનાર વ્યક્તિ પરણિત હોય અને તેની પત્ની હયાત હોય તે એ સ્ત્રીની બંગડીઓ, બલોયા વગેરે ફોડીને શબની બાજુમાં મૂકવામાં આવે છે અને સ્ત્રીના દાગીના ઉતારી લેવાય છે.

નનામીને ચાર માણસો ઉચકે છે. એક વ્યક્તિ આગ લઈને આગળ ચાલે છે અન્ય બીજો મકાઈના દાણા જમીન પર નાંખતો-નાંખતો ચાલે છે. બીજા નજીકના પુરૂષો રડતા-રડતા શબની પાછળ ચાલે છે. નનામીને વારાફરતી બધા ઉપાડે છે. દરેક વ્યક્તિ ઘરેથી એક-એક લાકડું લઈને આવે છે. જ્યાં મોટુ ઝાડ આવે ત્યાં વિસામો અને થાકની વિધિ કરે છે. જમીન પર મરનાર વ્યક્તિને ઉતારે છે. વૃક્ષની છાયામાં થડ પાસે દરેક માણસ એક એક પથ્થર લઈ ત્યાં નાંખી અને પથ્થરની ઢગલી બનાવે છે. અને તે ઝાડ મરનારના નામથી ઓળખાય છે. અને આ ઝાડ પછી કાપી શકાતું નથી. ભીલો ગાયના છાણથી લીપીને "ચોકો" કરતા નથી. શબને નવડાવતા નથી કે નનામીને નાળીયેર પણ બાંધતા નથી. તથા શબની પાછળ સ્ત્રીઓ જતી નથી.

શબને સ્મશાનમાં લઈ ગયા પછી તેની ચિતા ગોઠવાય છે. મરનારનો પુત્ર તેના પિતાનું પાણી વડે મોઢું ધોએ છે પછી મોઢામાં પૈસા મુકે છે. જે લોકોએ નનામી ઉચકી હોય તે જ લોકો શબને કાઠી પર ચડાવે છે. તેમાં શબનું માથુ ઉત્તર તરફ અને પગ દક્ષિણ તરફ રાખે છે. પછી શબનું "કાળજુ" અને "ડોડો" જુએ છે.[3] જો માણસને ડાકણ ખાઈ ગઈ હોય તો કાળજા અને ડોડાની જગ્યાએ પારસ પીપળાનાં પાન કે કપડાનો વીંટાળેલો ગોળો જોવામાં આવે છે અને જો શંકા પડે તો શબને ફાડે છે. શબ ઉપરથી ખાંપણ લઈ તેના વસ્ત્રનો એક છેડો ફાડવામાં આવે છે. શરીર પર માનતાના કે બાધાના દોરા કે દાગીના ઉતારી લેવામાં આવે છે. મરનારનો મોટો પુત્ર આગ દે છે. જો પુત્ર ના હોય તો તેનો ભાઈ આગ આપે છે. તે વખતે તે બોલે છે – "નાહઝે પરણિયા આગ આપી." શબ બળી ગયા પછી એ લોકો સ્નાન કરી ઘરે જાય છે. કોગળો કરીને બધા છુટા પડે છે. આ વખતે ગામની સ્ત્રીઓ ઘરમાંથી લોટ લઈ જમીન પર પાથરી લોટ પર થાળી ઘસીને ટોપલી નીચે મુકે છે, તેની બાજુમાં પાણીથી ભરેલું એક પાત્ર અને દાંતણ મુકે છે. તેનાથી મરનાર માણસ કઈ યોનિમાં જન્મ લેશે તે નક્કી કરે છે. માણસો જેવા પુરૂષના શબને બાળીને ઘેર આવી કોગળા કરીને બેસે છે કે તરત જ ઘરમાંથી બે વૃધ્ધ સ્ત્રીઓ બે વૃધ્ધ પુરૂષોને બોલાવે છે. આ પુરૂષો ટોપલું ઊંચુ કરી પગલાં જુએ છે. જો નાના બાળકની પગલીઓ લોટ પર જોવા મળે તો મરનાર માણસ કોઈ બાળકનો જન્મ લેશે તેવું માને છે. પછી લોકાચાર કે લોકાઈનું નક્કી કરે છે. લોકાઈનું નક્કી ન થાય ત્યાં સુધી મરનારના સ્વજનો ખાટલાનો ઉપયોગ કરી શકતા નથી. લોકાઈના દિવસે જમાઈ ગોળ ખવડાવીને શોક ભગાવે છે. ત્યારપછી ખાટલાનો ઉપયોગ કરી શકાય છે. બીજા દિવસે સ્મશાનમાં કોઈ એક માણસ ચોખાની ખીચડી, ઘી, ગોળ અને રોટલાનું ચૂરમું લઈને જાય છે તેને "ભાથુ"

કહે છે. તે રાખની ઢગલી કરીને તે "ભાથુ" મુકે છે. માટીની કુલડીમાં પાણી ભરે છે અને ત્યાં મુકે છે. તેઓ માને છે કે મૃત જીવ આ ખાઈ-પી ને પીપળ ઋષિ પાસે જશે, પછી એ માણસ સ્નાન કરી ઘેર જાય છે.

## સમાધિ

જો ગામનો કોઈ આગેવાન, મુખી, ભોપો જેવી વ્યક્તિનું મૃત્યુ થાય તો તેને અગ્નિસંસ્કાર આપવામાં આવતો નથી પરંતુ તેને જમીનમાં દાટવામાં આવે છે જેને આદિવાસી લોકો 'હમાદ', 'સતલ્ની' કે 'દેરી' કહે છે. આ પ્રસંગે ભીલ સાધુને બોલાવાય છે. આ ભીલ સાધુ મંત્ર બોલી જમીન માતા પાસે શબને દાટવાની જગ્યા માગે છે. સાધુ કહે તે જગ્યાએ ખાડો ખોદવામાં આવે છે. શબને દાટતી વખતે ખાડાને ચારે બાજુ શબને લઈને ચાર ફેરા ફરે છે, અને પાંચમાં ફેરે શબને તે ખાડામાં મુકે છે, પછી સ્વજનો તેનું મોઢું જુએ છે અને પૈસા મુકે છે તથા તેની પ્રિય વસ્તુઓ કપ, રકાબી, તોસળુ, રજાઈ વગેરે વસ્તુઓ મુકે છે. શબને સિંદુરથી પુંજીને છાતી પર શ્રીફળ મુકે છે. શબની આજુબાજુ મીઠું નાંખી અને માટીથી શબને દાટી દેવામાં આવે છે. તેના પછી તેના પર લંબચોરસ ઓટલો બનાવી પથ્થર મુકવામાં આવે છે. જો આર્થિક સ્થિતિ સારી હોય તો તરત જ દેરી ચણાવે છે, અને આર્થિક સ્થિતિ સારી ન હોય તો પાછળથી દેરી ચણે છે. શબને દાટતી વખતે તેના નખ કાપી દેવામાં આવે છે અને તેનો ફૂલ તરીકે ઉપયોગ કરે છે. બળેલા માણસના હાંડકા, રાખ માટીના પાત્રમાં ભરી રાખે છે. આ ફૂલ ચિત્ર-વિચિત્રના મેળા વખતે કે આકળ-બાકળ અને સાબરમતીના ત્રિવેણી સંગમમાં પધરાવવામાં આવે છે.

લોકાઈ કે કણના દિવસે જાજમ નાખવામાં આવે છે. કણ કરવા આવેલો દરેક માણસ કણ કરીને જાજમ પર બેસે છે. તે વખતે બીડીઓનો થતો ખર્ચ જમાઈ આપે છે. જમાઈ ખાંડ વેચે છે અને લાલ રૂમાલ પણ લાવે છે. જાજમ પર વડીલો, પંચો, બન્ને પિયર પક્ષના માણસો બેસે છે. જો સ્ત્રી વિધવા બની હોય તો તેને જાજમ પર ઉભી રાખવામાં આવે છે પછી બન્ને પક્ષો અને સગાઓ સાંભળે એ રીતે વરપક્ષવાળા બોલે છે કે "આ બાઈને તમારા ઘરેથી પરણાવીને અમે લઈ આવ્યા હતા પરંતુ અમારો દીકરો આ જગતમાં રહ્યો નથી એટલે અમે તેમને તમારી દીકરી પાછી સોંપીએ છીએ અને લગ્ન વખતે આપેલું દાપું ગયુ આજથી તમારી દીકરી ચોખ્ખા શબ્દે છુટી છે". આમ કહી બાઈને પિયરપક્ષને સોંપવામાં આવે છે. પછી તેને પિયરમાં રહેવું કે સાસરીમાં તે વિધવા જ નક્કી કરે છે. જો સ્ત્રી યુવાન હોય તો તેને બીજે વળાવે છે. સ્ત્રીને પિયર પક્ષને સોંપ્યા પછી શોક ભાગવાની વિધિ કરે છે. જમાઈ ગોળ ખવડાવીને શોક ભગાવે છે. આવેલાઓને છાશ, રોટલા, અદડની દાળ, ખાટું ભોજન અપાય છે. કણ અને બારમું બધું જ સાથે થાય છે. સમાધિ બનાવવાની હોય તો કણ કરવામાં આવતો નથી.[4] આમની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી નાની ન્યાત કરતા નથી. ઘણીવાર કણનો સમય પણ લંબાવે છે અને નાની ન્યાત તથા બારમું સાથે કરે છે. પહેલેથી નક્કી કરેલા દિવસે સ્ત્રી પુરુષો કણ કરવા આવે છે. આખી રાત હંસદેવના ભજન કરવા આવે છે. સવારે પાડો મારવામાં આવે છે. કુટુંબવાળા

રોટલા લાવે છે. બધા જમે છે અને જમીને છુટા પડે છે. નાની ન્યાતને "હખા ઢોળ" પણ કહે છે. મોટી ન્યાત જ્યારે સ્થિતિ સારી થાય ત્યારે આ જ પ્રમાણે મોટો ઉત્સવ કરે છે.

## સતેસરુ

કોઈ માણસનું ખૂન થયું હોય તો 'સતેસરુ' કરવામાં આવે છે.[5] વારી ઢોલ વાંગતા જ સ્ત્રી પુરૂષો તીર-કામઠાં, કુહાડી, લાકડી, ધારીયાં, તલવાર, ગોફણ લઈને ઢોલ વાગે ત્યાં એકઠાં થાય છે. અને જે માણસે ખૂન કર્યું હોય તેના ગામ પર ચઢાઈ કરે છે. જો મારનાર માણસ હાથમાં આવે તો તેનું પણ ખૂન કરી તેનું લોહી લાવીને શબને પાસે કરેલી પત્થરની ઢીંગલીને તે લોહીથી રંગે છે, અને જો હાથમાં ન આવે તો તેની ઘરવખરીનો નાશ કરે છે. જ્યાં સુધી ન્યાય ન આવે ત્યાં સુધી શબને કોઈ હાથ પણ અડાડી શકતો નથી. પોલીસ તંત્ર પણ તેમના ન્યાયની રાહ જુએ છે પછી ભલેને શબ સડી જાય ! વેર પુરુ થયાં પછી તેની મરણોત્તર ક્રિયા કરે છે. થોડા દિવસો પછી કણ કરે છે. પાડો મારી પાડાના માથાના લોહીથી તેની ઢીંગલીને રંગે છે, અને મરનારના પુત્રો અથવા ભાઈઓ સામેવાળા માણસને મારવાની પ્રતિજ્ઞા લે છે અને ઘોડેસવારનો પાળીઓ કરે છે જેને 'હૂરો' કહે છે. પછી જ્યારે સામાવાળા માણસને મારે ત્યારે તેના લોહીથી આ હૂરાને રંગવામાં આવે છે. ત્યારબાદ મરનારના નામનો બકરો મારવામાં આવે છે, ઢોલ વગાડી ચિચકારીઓ પાડી નાચે છે. આનાથી તેની આત્માને શાંતિ મળશે એવું તેઓ માને છે.

## હમાધ

સાધુ, સંતો, ભોપો, આગેવાન, મુખી કે કુટુંબના જાણીતા વડાની હમાધને અવશ્ય પઢવી પડે છે. તે ખાસ કરી શનિ, રવિ કે સોમવારે પઢવામાં આવે છે.[6] ચોમાસા સિવાય ગમે ત્યારે હમાધ પઢવામાં આવે છે. હમાધ પઢવાની જાણ આગળથી કરવામાં આવે છે. સાંજે બધા સગા-સંબંધીઓ આવે છે. સ્ત્રીઓ રડતી-રડતી આવે છે ત્યારે ઘરની સ્ત્રીઓ પણ રડવા લાગે છે. પુરૂષો માથે રૂમાલ મૂકીને ઉભા પગે બેસે છે. શોક વ્યક્ત કરી એક સાથે ઉભા થઈ જાજમ પર બેસે છે. આખી રાત હંસદેવના ભજન કરવામાં આવે છે. સવારે ચા-પાણી કર્યા પછી હમાધને પઢવામાં આવે છે. ગામવાળા, મહેમાનો અને ઘરમાલિક ઘીનો દીવો કરે છે. અગરબત્તી, શ્રીફળ, કંકુ, પીપળાના પાન, નાડાછડી, મકાઈના દાણા, સફેદ સુતરનો દોરો, ચૂરમો, સફેદ ધજા વગેરે લઈને તૈયાર કરેલી દેરી પાસે લોકો જાય છે. આ દેરીને હમાધ કે સત્તલ્લી કહે છે. શરૂઆતમાં ભજન કરે છે પછી પુરૂષો ભેગા મળી ઘોડેસવાર અને સ્ત્રીની મૂર્તિના પાળીયાને પધરાવે છે. સાધુ એ મૂર્તિ આગળ દીવો કરીને ચૂરમો મૂકે છે, પછી શ્રીફળ વધેરે છે. ધૂપ કરી અગરબત્તી સળગાવે છે. શંખ અને ઝાલરના અવાજ સાથે હમાધ પર ધોળી ધજા ચઢાવવામાં આવે છે. આ પહેલા કુટુંબીજનો ધજા પર પાંચ ચાંલ્લા કરી દેરીની પ્રદક્ષિણા કરીને ધજા શીખર પર ચડાવે છે. સાધુ નાડાછડીનો એક છેડો દેરીને બાંધે છે અને બીજા છેડાને સફેદ દોરો બાંધી ડેરીમાંથી બહાર

આવીને પૂર્વ દિશામાં ઊભો રહે છે. હમાધનું બારણું હંમેશાં પૂર્વ દિશા તરફ જ હોય છે. ચાર માણસો સાધુ પર છતર કરે છે. સાધુ કે આગેવાન ભક્ત દ્વારા હાજર રહેલ માણસો પૃથ્વીની ઉત્પત્તિની કથા સાંભળે છે. સાધુ ભીલી બોલીમાં સત્તલ્લી પઢે છે અને એક જણ હોકારો આપે છે. આ વિધિ પૂરી થયા પછી ગામવાળા તથા સગાસંબંધીઓ હમાધની પાસે શ્રીફળ વધેરે છે. મકાઈના દાણા તથા પૈસા મૂકે છે તે સાધુ લઈ જાય છે. વધેરેલા શ્રીફળને પ્રસાદ રૂપી વહેંચાય છે. સત્તલ્લી પઢવાની વિધિ અઢી કલાકથી વધુ ચાલે છે. પિયરપક્ષની બહેનો અને ફોઈઓને સાડલા ઓઢાડાય છે. સમગ્ર લોકોને ભોજનમાં ચૂરમો અને દાળ ખવડાવવામાં આવે છે. આ ખર્ચ લગભગ પાંચથી સાત હજારનું થાય છે જે ઘરમાલિકે ભોગવવાનું હોય છે. આમ, આ રીતે તેમની હમાધનો રિવાજ પૂર્ણ થાય છે.

## નિષ્કર્ષ

આજના સમયમાં આદિવાસી સંસ્કૃતિ પતનના પંથે જઈ રહી છે. તેમને યોગ્ય સવલતો અને પ્રોત્સાહનની જરૂર છે. એ લોકો એટલા બધા શ્રધ્ધાળુ છે કે કોઈપણ બીમાર પડે તે એવું કહે છે કે દેવ દો છે. તેઓ દવાખાનાની સારવારને જરાય મહત્ત્વ આપતા નથી. દેવો પર જ ભરોસો કરે છે. તેમાં જો કોઈ રોગ થયો હોય તો વાણિયા દેવની પૂજા કરે છે. માથામાં ભાટકો થાય તો ભાટકિયાવીર, કેડમાં કડતર મૂકે તો કડતરિયોવીર, છાતીમાં ચૂક આવે તો ચૂંકિયો વીર, ઉધરસ (ધાંટુ) આવે તો ધાંડિયોવીર, મોતીચારો વગેરે દેવોને તે અલગ-અલગ બીમારી માટે તે અલગ-અલગ દેવોની આરાધના કરે છે. સ્ત્રીના પ્રસૂતા સમયે પણ ડોક્ટરની જગ્યાએ ડાયણને બોલાવે છે. ઘણીવાર આ બિમારીઓના કારણે બિમાર વ્યક્તિ મૃત્યુ પણ પામે છે છતાં તે અંધશ્રધ્ધામાંથી બહાર આવતા નથી. તો તેના માટે યોગ્ય નાટકો અને પ્રવચનોની જરૂર છે તેમ કહી શકાય.

આદિવાસીઓ પછાત રહી ગયા છે તેનું મુખ્ય કારણ નિરક્ષરતા છે. આ સમાજને વિકસાવવા માટે તેમની નિરક્ષરતા દૂર કરવી પડશે. તેમને શિક્ષણ માટે પ્રોત્સાહન આપી યોગ્ય સવલતો પૂરી પાડવી પડશે. આદિવાસી વિસ્તાર માટે સરકાર પણ ઘણી યોજનાઓ બહાર પાડે છે પરંતુ શિક્ષણના અભાવે આ યોજનાઓનો તે લાભ મેળવી શકતા નથી. તેથી તેમના વિકાસ માટે અને જાગૃતિ માટે સરકારને પણ યોગ્ય સલાહ અને સમજણ આપવાની જરૂર છે. અને જો આવુ બનશે તો જ આ સમાજને આગળ લાવી શકીશું.

# સંદર્ભસૂચિ


1. અરવલ્લીની આદિવાસી ઓળખ બનાસકાંઠા જીલ્લો, પ્રકાશક – દાંતા તાલુકા આદિવાસી યુવક મંડળ, સલાણી રિપોર્ટ માહિતી સંકલન, પંચાલ વીરચંદ અને અન્ય, પૃ.10
2. ભગવાનદાસ પટેલ, આદિવાસી ઓળખ, માહિતી ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, 1999, પૃ.120
3. ભગવાનદાસ પટેલ, પૂર્વોક્ત, પૃ.120
4. નવજીભાઈ ડાભી (હાઈસ્કૂલના નિવૃત્ત આચાર્ય અને આદિવાસી સંસ્કૃતિના સંશોધક) ઉ.વ.63, રૂબરૂ મુલાકાતને આધારે તા. 23-10-2017
5. વીરચંદભાઈ પંચાલ (આદિવાસી સંસ્કૃતિના સંશોધક) ઉ.વ.70, રૂબરૂ મુલાકાતને આધારે તા. 22-10-2017
6. ધ્રાંગી પ્રવિણભાઈ સરપંચ, ઉ.વ.35, રૂબરૂ મુલાકાતને આધારે તા. 22-10-2017